- આદિજાતિ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરુ પાડવાના ઉદ્દેશથી જવાહર નવોદય વિદ્યાલય જેવી ઉચ્ચ સુવિધાવાળી શાળાઓ આદિજાતિ વિસ્તારમાં ઉપલબ્ધ કરાવવા માટે એકલવ્ય મોડેલ સ્કૂલની સ્થાપના કરવામાં આવેલ છે. આ શાળામાં ભણતા બાળકોને ઉત્તમ પ્રકારની તમામ ભૌતિક તથા શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ બને તે મુખ્ય ઉદ્દેશ છે. આ શાળામા ભણતા બાળકોને CBSE નો અભ્યાસક્રમ ભણાવી તેઓ નેશનલ કક્ષાએ સ્પર્ધા કરી શકે તે મુજબની તૈયારીઓ આ શાળાઓમાં કરવામાં આવે છે. જેથી આદિજાતિ બાળકો રાષ્ટ્રીય તથા રાજ્ય કક્ષાની યુ.પી.એસ.સી. તથા જી.પી.એસ.સી. જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ક્યાંય પાછળ ના રહી જાય. તથા દરેક કક્ષાએ આદિજાતિ બાળક તેનું સ્થાન મેળવી શકે.
- આ શાળાઓમાં NESTS(નેશનલ એજ્યુકેશન સોસાયટી ફોર ટ્રાયબલ સ્ટુડન્ટ) દ્વારા શિક્ષકોની નિમણુંક કરવામાં આવેલ છે. જેઓના નિમણુંક ઓર્ડરોના ના મુદ્દા નં-૪ ના પેટા નં-૪ માં દર્શાવ્યા મુજબ શિક્ષકોએ ૨ વર્ષના સમયમાં સ્થાનિક ભાષા ની પરીક્ષા પાસ કરવાની રહેશે.
- ધો-૯ થી ૧૨ માં સ્થાનિક શિક્ષકો વિષય પ્રમાણે મુકવામાં આવેલ છે. જે મુજબ શિક્ષકો ગુજરાત રાજ્યના હાલ ધો-૯ થી ૧૨ માં વિદ્યાર્થીઓને અભ્યાસ કરવી રહ્યા છે.
- દર બે ત્રણ દિવસે શાકભાજીનો ટેમ્પો આવે છે. અને દુધ,દહી અને છાશ માટે અમુલની ગાડી રોજ આવે છે.
- ભોજન ગુણવત્તા બાબતે શાળાની ભોજન સમિતી દ્વારા રોજે રોજની ચકાસણી કરવામાં આવે છે. તેમજ પ્રાયોજના કચેરી દ્વારા શાળાઓની મુલાકાત દરમિયાન જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે.
- તાજેતરમાં જ NESTS દ્વારા શૈક્ષણિક સુવિધા સુદ્રઢ કરવા માટે ૬૦૦ જેટલા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી કરીને ફાળવણી કરેલ છે. જેથી શાળામાં શિક્ષકોની ઘટ નો પ્રશ્ન ન રહે.